Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

SVH MEDINT
HEALTHCARE MADE EASY
Wholesale | Retail | Export | Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨ ● સળંગ અંક : ૧૦૪૦ ● પ્રકાશિત તા-૨૦-૧૧-૨૦૨૪,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### ૨૨ વર્ષ પહેલા બનેલી ઘટનાના દ્રશ્યો રૂવાડાં ઉભા કરશે!

## પીએમ મોદી અને શાહે ધ સાબરમતી રિપોટ ફિલ્મના વખાણ કર્યા




અમદાવાદ : ગયા શુક્રવારે એક ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જેને જોવા માટે ખુદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અપીલ કરી રહ્યા છે. આ ફિલ્મનું નામ છે – સાબરમતી રિપોર્ટ. કેન્દ્રીય ભૂમિકામાં વિક્રાંત મેસી અભિનીત આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના ગોધરા ટ્રેન આગની ઘટના પર આધારિત છે. તે દિવસે ગોધરા સ્ટેશન પાસે પાર્ક કરેલી સાબરમતી એક્સપ્રેસની બોગી નંબર જી૬માં આગ લાગી હતી. અયોધ્યાથી પરત ફરી રહેલા ૫૯ હિંદુ કારસેવકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલાઓમાં ૨૭ મહિલાઓ અને ૧૦ બાળકો પણ સામેલ છે. તે પછી સમગ્ર ગુજરાતમાં ફાટી નીકળેલા રમખાણો સ્વતંત્ર ભારતના સૌથી ભયાનક રમખાણોમાંના એક હતા. તે સમયે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા.

હવે 'ધ સાબરમતી રિપોર્ટ' દ્વારા ગોધરાકાંડનું ભયાનક દ્રશ્ય મોટા પડદા પર બતાવવામાં આવ્યું છે. પીએમ મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મંત્રીઓ અને ભાજપના નેતાઓએ 'ધ સાબરમતી રિપોર્ટ'નું સમર્થન કર્યું છે.

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ સવારે લગભગ પોણા આઠ વાગ્યાની આસપાસ મુઝફ્ફરનગરથી શરૂ થયેલી સાબરમતી એક્સપ્રેસ ગોધરા પહોંચવાની હતી. ટ્રેન લગભગ ચાર કલાક મોડી ચાલી રહી હતી. અયોધ્યાથી અમદાવાદ જતી ટ્રેનમાં ઓછામાં ઓછા ૨,૦૦૦ કાર સેવકો ચડ્યા હતા. આ તમામ વિશ્વ હિન્દુ પરિષદના આહ્વાન પર પૂર્ણાહુતિ મહાયજ્ઞમાં ભાગ લેવા માટે અયોધ્યા ગયા હતા. આ મહાયજ્ઞ રામ મંદિર આંદોલનનો એક ભાગ હતો.

સાબરમતી એક્સપ્રેસ ગોધરા સ્ટેશન પર પહોંચી ત્યારે સેંકડો લોકોએ ટ્રેન પર હુમલો કર્યો. જી૬ કોચને બહારથી આગ લગાડવામાં આવી હતી. કોચમાં સવાર ૫૯ મુસાફરો દાઝી ગયા. તેમાં ૨૭ મહિલાઓ અને ૧૦ બાળકોનો સમાવેશ થાય છે. ટ્રેનમાં સવાર અન્ય ૪૮ મુસાફરો ઘાયલ થયા હતા.

ગોધરામાં ટ્રેન સળગાવવાની ભયાનક ઘટનાને પગલે રાજ્યભરમાં હિંસક રમખાણો ફાટી નીકળ્યા હતા. થોડા જ કલાકોમાં સમગ્ર ગુજરાતમાં આગ ફેલાઈ હતી. કેન્દ્ર સરકારે ૨૦૦૫માં રાજ્યસભામાં જણાવ્યું હતું કે રમખાણોમાં ૨૫૪ હિંદુઓ અને ૭૯૦ મુસ્લિમોએ જીવ ગુમાવ્યા હતા. કુલ ૨૨૩ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. હજારો લોકો બેઘર પણ બન્યા હતા. નરેન્દ્ર મોદી ગુજરાતના સીએમ બન્યાને એક વર્ષ પણ નહોતું થયું. તત્કાલીન મોદી સરકારે તપાસ પંચની રચના કરી હતી. તે કમિશનમાં જસ્ટિસ જીટી નાણાવટી અને જસ્ટિસ કેજી શાહનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પંચે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે માર્યા ગયેલા ૫૯ લોકોમાંથી મોટાભાગના કાર સેવક હતા. કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારે જસ્ટિસ યુસી બેનર્જીના નેતૃત્વમાં એક અલગ તપાસ પંચની રચના કરી હતી. આ કમિશને માર્ચ ૨૦૦૬માં રજૂ કરેલા તેના અહેવાલમાં આ ઘટનાને અકસ્માત ગણાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ અહેવાલને ગેરબંધારણીય અને અમાન્ય ગણાવીને ફગાવી દીધો હતો. આ પછી સુપ્રીમ કોર્ટે વિશેષ તપાસ ટીમની રચના કરી હતી. પંચ તેની તપાસ પૂર્ણ કરે તે પહેલા જસ્ટિસ કેજી શાહનું માર્ચ ૨૦૦૮માં અવસાન થયું હતું. જસ્ટિસ અક્ષય એચ મહેતાએ તેમની જગ્યા લીધી. જસ્ટિસ નાણાવટી અને જસ્ટિસ અક્ષય મહેતાએ એ જ વર્ષે નાણાવટી-શાહ કમિશનનો અંતિમ રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં ટ્રેનમાં આગ લગાડવાની ઘટનાને ષડયંત્ર ગણાવવામાં આવી હતી.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ,
પીઠી, માણેકસ્તંભ,
મોડીયા, લક્ષ્મીપૂજન
પુજાપો, તોરણ,
સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I
કલેક્શન
દિવાળી
સ્પેશીયલ સુગંધીદાર
અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
● માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે.અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડૉ. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M : 9328274246 / 98982 74760

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ. મો : ૯૮૨૪૧૪૧૯૧૭

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
CSC
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### સત્તા મગજમાં ભરાઈ જાય પછી નગરસેવકો નગરશેઠની જેમ વર્તે છે

# ભાજપના અનેક કોર્પોરેટરો પોતાની જાતને મિનિસ્ટર સમજે છે...!!

## ચૂંટણી આવે ત્યારે જ બહાર આવે....અથવા તો મોટા નેતાઓ આવે ત્યારે સીન શોટ કરવા માટે ગતકડાં કરે

અમદાવાદ : શહેરી વહીવટમાં લોકોનો અવાજ અને લોકોની લાગણી રજૂ કરવા તથા વિસ્તારનો વિકાસ નિશ્ચિત કરવા અને વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ માટે જન પ્રતિનિધિઓની ચુંટવાની વ્યવસ્થા કરવામાં આવી છે આ પ્રતિનિધિઓને નગર સેવકના વિનમ્ર નામથી ઓળખવામાં આવે છે. પરંતુ જ્યારે મગજમાં સત્તાની રાઈ ભરાઈ જાય ત્યારે નગરસેવકો નગરશેઠ બની જાય છે.ખાસ કરીને સત્તા પક્ષના નગરસેવકોનો આવો કડવો અનુભવ લોકોને વિવિધ પ્રશ્નોની રજૂઆત અને સમસ્યાઓની રજૂઆત વખતે થઈ રહ્યો છે. લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે અમદાવાદ શહેરમાં ભાજપના અનેક કોર્પોરેટરો પોતાની જાતને મિનિસ્ટર સમજે છે જો કે શહેરના અનેક ધારાસભ્યો ગાંધીનગરમાં મંત્રીમંડળમાં રહેલા મંત્રીઓ સાથે ઉઠકબેઠક હોવા છતાં લોકો સાથે એમનું વર્તનનું સૌજન્યભર્યું રહ્યું જોવા મળતું હોય છે.તેનાથી વિપરીત અનેક નગર સેવકો સ્થાનિક લોકોના ફોન પણ ઉઠાવતા નથી અને તેમના જ પક્ષના કાર્યકર્તાઓના પણ ફોન નથી ઉઠાવતા કે નથી કામ કરતા એવી વ્યાપક ફરિયાદો સાંભળવા મળી રહી છે.

કેટલાક કોર્પોરેટરો તો ધારાસભ્યોની આજુબાજુમાં ફરીને પોતાને મિનિસ્ટરથી ઉપર સમજતાં હોય તેમ પક્ષનો કાર્યક્રમ હોય ત્યારે અથવા તો મોટા નેતાઓ આવે ત્યારે સીન શોટ કરવા માટે ગતકડાં કરતાં હોય છે. જેમ ચોમાસામાં દેડકા બહાર નીકળે તેવી જ રીતે ચૂંટણી અને મોટા નેતાઓ આવે ત્યારે જ બહાર આવે છે.

હજુ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓને આડે એકાદ વર્ષનો સમય છે ત્યારે પ્રજાના કામો માટે તત્પર બનવાની જરૂર છે. અત્યારે મોટાભાગનાનું ગાડું કમળનું નિશાન અને વડાપ્રધાન માટે લોકોના આદરના લીધે ગબડે છે. પક્ષે પણ કમર કસીને ફિલ્ડમાં નક્કર કામગીરી કરી હોય એવા નેતાઓને પસંદ કરવા પડશે. અત્યારથી લોકલક્ષી બનવાનો આગ્રહ રાખવો પડશે. નહિતર હવે આગામી ચૂંટણીમાં નાગરિકો પરચો બતાવશે.

# અમદાવાદમાં જગન્નાથ મંદિરની ૩૦ કરોડના ખર્ચે થશે કાયાપલટ

અમદાવાદઃ કાશી વિશ્વનાથ કોરિડોરની જેમ હવે અમદાવાદના જગન્નાથ મંદિરમાં પણ કોરીડોર બનશે. ગુજરાતની સૌથી મોટી ભગવાન જગન્નાથ રથયાત્રા અમદાવાદ ખાતેથી નીકળે છે. ત્યારે આ યાત્રાના મહત્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જગન્નાથ મંદિર આપસાપના વિસ્તારને રિડેવલપ કરી જગન્નાથ કોરિડોર તૈયાર કરાઇ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલો મુજબ મંદિરના મુખ્ય ગેટની બહાર આવેલી જગ્યા પર વિઝીટીંગ પ્લાઝા તૈયાર કરાઇ રહ્યો છે. જ્યાં ચાર હજાર લોકો એક સાથે ઉભા રહી ભગવાન જગન્નાથ મંદિરના દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે. આ અંગે હાલ ટેન્ડર મંજૂર કરી દેવાયા છે અને નડતર રૂપ ૧૫ કાચા મકાનને દૂર કરવા નોટિસ પણ અપાઇ છે. ભગનાન જગન્નાથની રથયાત્રા છેલ્લા અનેક દાયકાથી નિકળી રહી છે. પુરી જગન્નાથ બાદ સૌથી વધુ મહત્વ અમદાવાદની જમાલપુર સ્થિત મંદિરની ભગવાન જગન્નાથની રથયાત્રાનું માનવામાં આવે છે. ત્યારે અમદાવાદ મહાગનર પાલિકા જગન્નાથ મંદિરની આસપાસના વિસ્તારમાં રિડેવલપમેન્ટ કરી



શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવા જઇ રહ્યુ છે.

ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળે છે. મંદિર પરિસરથી ભુદરના આરા ખાતે સાબરમતી નદીના કિનારે આખી વિધી થતી હોય છે. ત્યારે જળયાત્રા રૂટ પણ વિશેષ ડેવલપ કરવાનું કામ મહાનગર પાલિકા બીજા ફેજમાં કરશે. પહેલા ફેજમાં હાલ મંદિર પરિસર બહાર આવેલા વિઝીટીંગ પ્લાઝા તૈયાર કરવામાં આવશે.

અમદાવાદના જમાલપુર સ્થિતિ ભગવાન જગન્નાથની અષાઢી બીજના દિવસે નિકળતી સૌથી લાંબી રથયાત્રા આજે કોમી એકતા માટે સિમાહાચિન્હ બની છે. ત્યારે ઐતિહાસિક બનેલી રથયાત્રા રૂટને રિડેવલપ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગર પાલિકાના હેરિટેજ વિભાગ અંતર્ગત ૩૦ કરોડના ખર્ચે રથયાત્રા રૂટની કાયા પટલ કરવામાં આવશે. ભગવાન જગન્નાથ તેમના બહેન અને ભાઇ સાથે જે રૂટ પરથી પસાર થાય છે. તે જમાલપુર દરવાજાથી ખસામા ચાર રસ્તા એએમસી ઓફિસ સુધીના રૂટને અલગ જ રિડેવલપ કરાશે. મંદિર પરિસર બહાર જ્યાં રથ રખાયા છે અને જ્યાં એએમસી ગાર્ડન છે તે વિસ્તાર પર વિશાળ પ્લાઝા તૈયાર થશે.

મંદિરમાં પ્રવેશ પહેલા જ એક ઔલોકિક અનુભુતી થશે. મંદિર પરિસરની આસપાસ વિશાળ પ્લાઝા તૈયાર કરાશે. આંધ્રપ્રદેશથી ખાસ પ્રકારના પથ્થરો અને કોટા સ્ટોન સાથે પાણીના ફુવારા સહિત નવા ગાર્ડન ડેવલપ કરવાનું આયોજન કરાયુ છે. ૩૦ કરોડની માતબર રકમથી વિશાળ પ્રોજેક્ટ તૈયાર થયો છે જેને મંજૂરી મળી ગઇ છે.

# લૂંટના ઈરાદે વૃદ્ધાના ઘરમાં ઘૂસેલા પ્રેમી યુગલની વાડજ પોલીસે ધરપકડ કરી

અમદાવાદ, ઉસ્માનપુરામાં આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે બંગ્લોના ધાબેથી બુકાનીધારી મહિલા ઘરમાં ઘૂસી હતી. આ મહિલાએ લૂંટ કે ચોરીના ઈરાદે વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ઝપાઝપી કરી હતી. બાદમાં વૃદ્ધાને બાથરૂમ અને રૂમમાં પૂરવાની પણ કોશિશ કરી હતી. આ મહિલા ચોરી કે લૂંટ કરવામાં સફળ ન થતાં ત્યાંથી ભાગી ગઇ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરીને ગણતરીના સમયમાં જ આરોપી મહિલાના સાગરીતના એક્ટિવાના નંબરથી પ્રેમી યુગલની ધરપકડ કરી છે. ઉસ્માનપુરા શાંતિનગર સોસાયટીમાં રહેતા પરાગબેન શાહના મકાનના નીચેના ભાગે તેમના પતિ નર્સિંગ હોમ ચલાવતા હતા. જેચાર વર્ષથી બંધ હાલતમાં છે અને ત્યાં સ્ટાફના શાંતાબેન રહે છે. ગત શુક્રવારે સવારે પરાગબેન ઘરે એકલા હતા તેવામાં સાડા આઠેક વાગ્યે મકાનના ધાબાની સીડી વાટેથી એક બુકાનીધારી મહિલા ગોગલ્સ પહેરીને આવી હતી. આ મહિલાને બુકાની અને ગોગલ્સ કાઢવાનું કહેતા જ તેણે વૃદ્ધા પર હાથ મારીને ચશ્મા કાઢી નાખી આંખમાં મરચાની ભુકી નાખી દીધી હતી. બાદમાં તેમને ખેંચીને બાથરૂમ અને બેડરૂમમાં પૂરી દેવાની કોશિશ કરી હતી. વૃદ્ધા ભાગીને મુખ્ય રૂમમાં દોડી આવતા આ બુકાનીધારી મહિલા ઘરનો દરવાજો બહારથી બંધ કરીને ભાગી ગઇ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરતા મહિલા આરોપીના સાગરિતના વાહનનો નંબર મળી આવ્યો હતો. જેથી પોલીસે તે નંબર આધારે તપાસ કરી હતી અને ગણતરીના કલાકોમાં બે આરોપીની ધરપકડ કરી બે એક્ટિવા પણ કબજે કર્યા છે. પોલીસે યશ ઉર્ફે શિવમ કૈલાશભાઇ દેવીદાસ ભાવસાર તથા રાખી પરમેશભાઇ ખાંટની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં જણાયુ છે કે વડોદરાના યશ ભાવસારે તેની પ્રેમિકાને સાથે રાખીને ઝડપથી પૈસા કમાવા માટે લૂંટ કે ચોરીનો પ્લાન કર્યો હતો.આ બંગ્લામાં પહેલા નર્સિંગ હોમ ચાલતુ હતું. જ્યાં મહિલા આરોપી રાખીની માતા નોકરી કરતી હોવાથી રાખી બંગ્લાની ગતિવિધિઓથી વાકેફ હતી. ઘટના સમયે તેના પ્રેમીને બહાર ઊભો રાખીને તે લૂંટ કે ચોરીના ઈરાદે ઘૂસી હતી.


શું આપ આપના બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે

અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?

શાળાની મુલાકાત લેશો જી....

અક્ષર પ્રાથમિક શાળા

શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN

નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG PURE VEG. & A/c.

સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા

ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની લક્ષ્મી વિજય હોટલ

પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન

રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## હાઉસિંગ બોર્ડના રહીશો માટે ગુડ ન્યૂઝ

# કબજેદારોને માલિક હક આપવાની હિલચાલ, કરોડોમાં બોલાશે મકાનના ભાવ...!!

**હાઉસિંગ બોર્ડમાં જેઓના જૂના મકાન જૂના છે અથવા ભવિષ્યમાં જેમને મકાન મળશે તે તમામ રહીશોને આ નિર્ણયથી મોટો ફાયદો થશે...જો કે પ્રથમ તો હાઉસિંગ બોર્ડ દ્વારા રિડેવલપમેન્ટ થયા બાદ તૈયાર થયેલા નવા મકાનોને મળશે એવું જાણકારો માની રહ્યા છે, પરંતુ માલિક હક કઈ રીતે આપશે એ બહુ મોટો પ્રશ્ન, પરંતુ ચોક્કસ એ વાત કહી શકાય કે રિડેવલપમેન્ટના કાર્યમાં ગતિ આવશે**

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ બોર્ડના રહીશો લાંબા સમયથી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. તેમની મુશ્કેલીઓનો અંત આવી રહ્યો નથી. આવામાં હવે હાઉસિંગ બોર્ડના રહીશોના ફાયદાના ગુડ ન્યૂઝ જલ્દી જ સામે આવી શકે છે. ગુજરાત સરકાર જલ્દી જ એક નિર્ણય લેવા જઈ રહી છે કે, હાઉસિંગ બોર્ડે બનાવેલા મકાનમાં રહેતા લોકો ટૂંક સમયમાં નવા મકાનના માલિક બની શકે છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડના નાગરિકો અનેક મુશ્કેલીઓ સામે લડી રહ્યાં છે. એક તરફ મકાનો જર્જરિત બની રહ્યાં છે અને તેમના રિડેવલપમેન્ટ અંગે અનેક અડચણો આવી રહ્યાં છે. હાઉસિંગ બોર્ડના જૂના મકાનોને નવા બનાવવા સરકાર દ્વારા યોજના તો લાવવામાં આવી છે, પરંતુ તેનો અમલ થઈ નથી રહ્યો. બીજી તરફ, કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓમાં જે લોકોને મકાન ફાળવાય છે, તે લોકો આ મકાનના માલિક બનતા નથી, માત્ર કબજેદાર ગણાય છે. આવામાં હવે ગુજરાત હાઉસિંગ બોર્ડ ટૂંક સમયમાં જ એક મોટો નિર્ણય લે એવી હિલચાલ દેખાઈ રહી છે.

હાઉસિંગ બોર્ડના આ નિર્ણયનો ફાયદો અનેક રહીશોને મળશે. હાઉસિંગ બોર્ડમાં જેઓના જૂના મકાન જૂના છે અથવા ભવિષ્યમાં જેમને મકાન મળશે તે તમામ રહીશોને આ નિર્ણયથી મોટો ફાયદો થશે. હાઉસિંગ બોર્ડે બનાવેલા મકાનમાં રહેતા લોકો ટૂંક સમયમાં નવા મકાનના માલિક બની જાય એવી સંભાવના સેવાઈ રહી છે. સાથે જ તેઓને જલ્દી જ તેમની જર્જરિત ઈમારતોની સામે નવી ઈમારતો મળી રહે તેનું પણ આયોજન ચાલી રહ્યું છે.

હાઉસિંગ બોર્ડમાં જેઓના જૂના મકાન જૂના છે અથવા ભવિષ્યમાં જેમને મકાન મળશે તે તમામ રહીશોને આ નિર્ણયથી મોટો ફાયદો થશે...જો કે પ્રથમ તો હાઉસિંગ બોર્ડ દ્વારા રિડેવલપમેન્ટ થયા બાદ તૈયાર થયેલા નવા મકાનોને મળશે એવું જાણકારો માની રહ્યા છે, પરંતુ માલિક હક કઈ રીતે આપશે એ બહુ મોટો પ્રશ્ન, પરંતુ ચોક્કસ એ વાત કહી શકાય કે રિડેવલપમેન્ટના કાર્યમાં ગતિ આવશે

ગુજરાતમાં મુખ્યમંત્રી તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નવા મકાનોનું બાંધકામ સમયાંતરે ચાલતું રહ્યું છે. જોકે, ગુજરાત હાઉસિંગ સોસાયટીની અનેક ઈમારતો જૂની થઈ ગઈ છે, જેના બાંધકામ માટે લાંબા સમયથી હિલચાલ થઈ રહી છે. હાઉસિંગ બોર્ડના મકાનોના રિડેવલપમેન્ટ માટે કેટલાક નિયમો પણ લાગુ કરાયા છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસિંગ બોર્ડના જુના મકાનોનું રિડેવલપમેન્ટ ઝડપથી થઈ શકે તે હેતુસર કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. આ નિર્ણયો થવાથી આવા મકાનોના રહેણાંકના માલિકી હક્ક અને દસ્તાવેજના થતા પ્રશ્નો નિવારી શકાશે. માલિકી હક્ક પ્રસ્થાપિત નહીં થવાને કારણે ફ્લેટ પ્રકારના મકાનોમાં રિડેવલપમેન્ટ પોલિસીના અમલમાં આવતું વિઘ્ન પણ દૂર થશે.

અનેક હાઉસિંગ બોર્ડના મકાનોનું રિડેવપલમેન્ટ શક્ય નથી તેના અનેક કારણો છે. પરંતુ મોટું કારણ એ છે કે, મોટાભાગના આવાસ ઝૂંપડપટ્ટી તેમજ ગીચ વિસ્તારમાં છે. ઘણા આવાસની આસપાસ રોડ નવ મીટરના સાંકડાં હોવાથી બિલ્ડરને FSI (ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ) પણ ઓછી મળતી હોવાથી ઊંચી ઇમારતો બનાવી શકતા નથી. તો કેટલાક વિસ્તારમાં બિલ્ડરોને ધારેલી કિંમત મળતી નથી. જેના કારણે આવા આવાસોની કિંમત પોઝિટિવ ભરવાના બદલે નેગેટિવ એટલે કે માઇનસમાં ટેન્ડર ભરતા હોય છે. આવી પરિસ્થિતિમાં સરકારે બિલ્ડરને રોકડા નહીં બલ્કે તબદીલીપાત્ર વિકાસના હક્કો (TDR સર્ટીફીકેટ) ચૂકવવા પડે. આમ, સરકારને સરવાળે આર્થિક નુકસાન જાય છે. ઉપરથી રહેવાસીને ફ્લેટના માલિકી હક નહીં હોવાથી ફ્લેટ પ્રત્યે પોતાપણું નથી રાખતા. જેથી ફ્લેટ જર્જરિત બનતા જઈ રહ્યા છે.હાઉસિંગ બોર્ડના મકાનોના રિડેવલપમેન્ટમાં સરકારને મોટું નુકસાન જાય એમ છે. તેથી જ હવે સરકાર આ અંગે મોટા નિર્ણયો લઈ ફ્લેટના માલિકી હક આપવાનું વિચારી રહી છે.

---

**કબજેદારોને માલિક હક આપવાની હિલચાલ મુદ્દે**

## હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન શું કહે છે...?

અમદાવાદ : હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશનના પ્રણેતા સંદીપ ત્રિવેદી જણાવે છે કે સરકારી જમીનો પરના આવાસો માટે ગુજરાત સરકાર "લેન્ડ લીઝ હોલ્ડ ટુ લેન્ડ ફ્રી હોલ્ડ" કરવાનું વિચારી રહી છે તેવી બાબતે આજકાલ અખબારોમાં જોર ચર્ચા પકડી છે. હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન આ વિકલ્પનો પ્રજા હિતમાં ઉષ્માભેર સ્વાગત કરે છે.

સરકારી તંત્ર આ વિકલ્પ કેવી રીતે અમલમાં લાવે છે તે જોવાનું રહ્યું, જો આ વિકલ્પ પ્રજાલક્ષી હોય અને સરકારી તંત્ર પ્રજા માટે જ આ વિકલ્પ લાવતી હોય તો એના ફાયદા થશે જ કે બધાની માનસિકતા બદલાશે અને સોસાયટી પ્રાઈવેટની જેમ રિડેવલપમેન્ટ થઈ શકશે. ઉપરાંત લોકો, સરકારી કચેરી અધિકારીઓ, સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ કે શહેરી વિકાસ, સચિવાલય કે સરકારી તંત્ર કક્ષાએ અલગ અલગ વાતો થઈ રહી છે સત્ય તો જ્યારે આ વિકલ્પ વાસ્તવિક અર્થમાં બહાર આવે ત્યારે ખબર પડે અને ત્યારે જ એમાં રહેલી સારા નરસાની સંભાવનાઓ પણ ખબર પડે.હાલમાં જે એક બે વિકલ્પ વર્કઆઉટ થઈ રહ્યા છે એમાં ક્યાંકને ક્યાંક કોઈ વસ્તુ ફ્રીમાં મળવાની સંભાવના લાગતી નથી.

પહેલો વિકલ્પ એવો વિચારતા હશે કે રિડેવલપમેન્ટ પોલિસી ૨૦૧૬ મુજબ નિયમોજીત કાર્યવાહીથી રિડેવલપમેન્ટમાં જતી સોસાયટી સભ્યોએ પોતાને વરાળે આવતી જમીનની પ્રવર્તમાન જંત્રી પ્રમાણેની રકમ આપીને એસોસિયેશન નામે જમીન ની લીઝ કે સેલ ડીડ બનાવી જમીન ફ્રી હોલ્ડ કરાવી લેવી, જેમાં સભ્યો એ મોટી રકમ ચૂકવવી પડશે. જે કંઈક અંશે અશક્ય લાગે છે.

બીજો વિકલ્પ રિડેવલપમેન્ટ પોલિસી ૨૦૧૬ મુજબ રિડેવલપમેન્ટ બાદ નવા મકાનના બધાના સ્વતંત્ર દસ્તવેજ થાય પણ જમીનરે લીઝ ડીડથી એસોસિયેશન હસ્તક કરવી. જેમાં જમીન માલિકી હકક સરકારી સંસ્થા પાસે જ રહે.

ત્રીજો વિકલ્પ એવો હોઈ શકે કે રિડેવલપમેન્ટ પોલિસી ૨૦૧૬ નો લાભ લીધા બાદ જે સોસાયટી નવી બને તેના બીયુ આવ્યા જમીન ફ્રી હોલ્ડ હક્ક જંત્રી રકમ વગર વિના આપી જૂના નવા બધા સભ્યોના દસ્તાવેજ સ્વતંત્ર માલિકીના કરી સ્વતંત્ર જમીન એસોસિયેશન હસ્તક કરી દેવી, જેથી હાઉસિંગ કો.ઓપ. સોસાયટી બની જાય અને પ્રાઈવેટ તરીકે ભવિષ્યમાં પ્રસ્થાપિત થાય.

બીજો કે ત્રીજો વિકલ્પ આવે તો એમાં નવો કોઈ ખર્ચો હયાત સભ્યોએ કરવાનો આવતો નથી. હાલના લાભાર્થીને પણ વર્ષો બાદ જો સોસાયટીને ફરીથી રિડેવલપમેન્ટ કરવી હોય તો હાલમાં જેમ પ્રાઈવેટ સોસાયટી રિડેવલપમેન્ટ થાય છે એ રીતે આ સોસાયટી કામ કરાવી શકે.

હવે આ બધા વિકલ્પો તર્કો આધીન છે, જે જો અને તો ઉપર ચાલે છે જ્યારે આ વિકલ્પ ખરેખર આવશે ત્યારે જ આપણને એ વિકલ્પ લાભદાયી છે કે નુકસાનકારક છે તે જાણી સમજી શકાશે. રિડેવલપમેન્ટ વિષય અને તેની ગતિ માટે પ્રજા, અધિકારીઓ, રાજકીય નેતાઓ અને સરકાર બધાની નૈતિકતા, સમજદારી, પ્રમાણિકતા અને ઈચ્છાશક્તિ ઉપર આ બધા કાર્યનો મદાર રહેલો છે.

---

**કબજેદારોને માલિક હક આપવાની હિલચાલ મુદ્દે**

## ગુજરાત હાઉસિંગ વસાહત મંડળ શું કહે છે...?

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડ જણાવે છે કે "સમાચાર"ની માહિતી પ્રમાણે સરકાર દ્વારા એવી વિચારણા ચાલી રહી છે કે જે યોજનાઓ રિડેવલપમેન્ટ થયા પછીના જે ફ્લેટો છે જે ડેવલપરે પણ વેચવાના છે અને જૂના રહીશોને પણ ફાળવવાના છે તે ફ્લેટો ફ્રી હોલ્ડ કરવા માંગી રહી છે અગાઉ, જે હાલના તમામ મકાનો છે ફ્લેટો છે તે તમામ કન્વીન્સ ડીડ દ્વારા ૯૯ વર્ષના ભાડે પેટે છે અમે આ બાબતે તપાસ કરતા જાણવા મળ્યું છે કે નવા બનનાર રિડેવલપમેન્ટ થયા પછીના જ ફ્લેટો જે ડેવલપરે વેચવાના છે તેમાં અને જુના રહીશોને જે નવા ફાળવવાના છે તેમાં દસ્તાવેજ કરી આપવામાં આવશે અને તેમાં ૯૯ વર્ષના ભાડા પેટે તેનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં. ફક્ત અને ફક્ત ફ્લેટોની માલિકી જ ફ્રી હોલ્ડ કરવામાં આવશે, તેવી વિચારણા વિચારધિન હેઠળ છે. જમીન માલિકી કોઈ એસોસિએસનને આપવામાં આવશે નહીં અને જમીન માલિક તો જે તે સરકારની સંસ્થાઓની જ રહેશે. ફક્ત ફ્લેટોને જ ફ્રી હોલ્ડ કરવામાં આવશે. જેથી કરીને ડેવલપર / બિલ્ડરને તેને વેચવાના થતા ફ્લેટો સરળતાથી વેચાણ કરી શકાય અને નિયમોની આંટી ગુટી તેને નડે નહી તે માટેની આ વિચારણા ચાલી રહી છે અને નવા બનનારી રિડેવલપમેન્ટ સ્કીમોને જ તેનો લાભ મળશે. બીજું છેલ્લા કેટલાય વર્ષોથી એક માળની જે સરકારની વસાહતો છે જેવી રો હાઉસ કે ટેનામેન્ટ, ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતો છે તેને ફ્રી હોલ્ડ કરવા માટે સરકારે જે તે સમયે નિયમ કરેલા છે, પરંતુ આજ સુધી એક પણ સોસાયટી તેનો લાભ લઈ શકી નથી કે ફ્રી હોલ્ડ કરાવી શકી નથી.આવી બધી જ વસાહતોમાં જમીન ફ્રી હોલ્ડ કરવા માટેની આજના નિયમ પ્રમાણે જે રકમ ભરવાની થાય છે તે મોટાભાગના સભ્યો આપવા તૈયાર થતા નથી અને થયા પણ નથી. આપને સૌ જાણીએ છીએ કે નહીવત એસોસિએશનનો ચાર્જ પણ ઉઘરાવવા માટે કેટલી બધી આપણે તકલીફ પડી રહી છે.એટલે કે અમને મળતી માહિતી પ્રમાણે રિડેવલપમેન્ટમાં નવા બનેલા મકાનોની દસ્તાવેજ પ્રક્રિયા સરળતાથી થાય તે માટે તેમાં સુધારા કરવા માટે વિચારણા ચાલી રહી છે.જુના જે મકાનો છે તેમાં સબસીડી ધરાવતા મકાનોને બાદ કરતા જે તે સમયે કિંમતમાં જમીનને લગતી કિંમત તેમાં લઈ લેવામાં આવી છે અને તે એસોસિયેશનના નામે કરવા માટે કાનૂની પ્રક્રિયા દ્વારા જ તે કદાચ શક્ય બને અને તે નહિવત શક્યતાઓ છે સિવાય સરકાર કરે તો જ થાય.બીજી અમારી એક જે સરકારમાં માગ છે કે કોઈપણ પ્રકારની જૂની યોજના હોય અને તે ગમે તેટલા ચોરસ મીટર કારપેટ એરિયા ધરાવતી હોય તો પણ તેને નવા બનનાર ફ્લેટોમાં ઓછામાં ઓછું ૫૦ ચોરસ મીટર અથવા ૪૦ ટકા બેમાંથી જે વધારે હોય તે આપવા માટેની અમારી માગણી જે સરકારમાં થઈ છે તે પણ સરકારમાં વિચારાધીન છે....

# સરકારનું મોટું એક્શન : કૌભાંડો બાદ ગુજરાતની ૭ હોસ્પિટલને PMJAY માંથી સસ્પેન્ડ કરાઈ

અમદાવાદ : PMJAY યોજનાઓમાંથી સરકારી સહાય મેળવવા માટે ગુજરાતની હોસ્પિટલો જલ્લાદ બનીને દર્દીઓને મોતની સજા આપી રહી છે. થોડાક રૂપિયા માટે આ હોસ્પિટલો દર્દીઓને બિનજરૂરી ચીરફાડ કરીને મોતને ઘાટ ઉતારી રહી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલે સરકારી રૂપિયા માટે અનેક દર્દીઓના દિલ ચીરી નાંખ્યા. ત્યારે હવે ગુજરાતના આરોગ્ય વિભાગે આ મામલે મોટું પગલું લીધું છે. PMJAY માંથી ગુજરાતભરની ૭ હોસ્પિટલોને સસ્પેન્ડ કરવામા આવી છે.

સરકારમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, PMJAY યોજનામાંથી અમદાવાદના કુખ્યાત ખ્યાતિ હોસ્પિટલ સહિત સાત હોસ્પિટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગે પીએમજેવાય યોજનામાં સાત હોસ્પિટલોને સસ્પેન્ડ કરી છે. જેમાં અમદાવાદની ૩, સુરત-વડોદરા-રાજકોટ ની ૧-૧ તથા ગીર સોમનાથની એક હોસ્પિટલ સસ્પેન્ડ કરી છે. આ સાથે જ અહીં કામ કરતા સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ખ્યાતિ હોસ્પિટલમાં મોટા કાંડ કરનારા ડો પ્રશાંત વઝીરાણીને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરમાંથી સસ્પેન્ડ કરાયા છે. ચાર ડોક્ટરોને સ્પેશિયાલિસ્ટ તરીકે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ખ્યાતિ હોસ્પિટલકાંડ મામલે આરોગ્ય વિભાગ દ્વારા કડક તપાસ કરાશે. છેલ્લા એક વર્ષ અને તેનાથી વધુ સમયની પણ ખ્યાતિ હોસ્પિટલના કેસોની તપાસ કરાશે. ખ્યાતિ હોસ્પિટલમાં થયેલા ઓપરેશનો અને તેની ફાઈલો આરોગ્ય વિભાગ ચકાસણી કરશે. PMJAY અંતર્ગત થતા ઓપરેશનોની પણ રેન્ડમ ચકાસણી કરાશે. રાજ્યભરમાં શંકાસ્પદ કેસો લાગે તો તેના પણ વિસ્તૃત રિપોર્ટ વિભાગ મંગાવશે. કોઈ હોસ્પિટલોના ઓપરેશન વધુ થતા હશે તો તેની ડિટેલ પણ મંગાવાશે. જો આ કેસોમાં ગેરરીતી સામે આવે તો કાર્યવાહી કરાશે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

# ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ

અમદાવાદ : અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ છેલ્લા કેટલા દિવસથી વિવાદના ઘેરામાં છે. ખ્યાતિ હોસ્પિટલ કરતૂતનો એક બાદ એક ખુલાસા થયા છે. અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલમાં ૨ દર્દીના મૃત્યુનો મામલે વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. જેમાં સમગ્ર કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. આ ઉપરાંત ભાગી ગયેલા આરોપીઓની શોધખોળ કરવા પોલીસ અને ક્રાઈમબ્રાન્ચે ચક્રો ગતિમાન કર્યો છે. હાલ ફરાર ડોકટર આરોપી સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે. ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ટીમો દ્વારા આરોપીઓની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યમાં બહુચર્ચિત ખ્યાતિ હોસ્પિટલ કાંડને લઈ પોલીસ કમિશ્નર જી એસ મલિકે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેઓએ કેસને લઈ મહત્વની બાબતો જણાવી હતી. સમગ્ર ઘટનાને લઈ તેઓએ જણાવ્યુ હતુ કે ખ્યાતિ હોસ્પિટલ કેસની દોર ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. સાથે સાથે ૮ દિવસ બાદ પણ પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી તો પોલીસે ડો. પ્રશાંત વજીરાણીની કસ્ટડી ક્રાઈમબ્રાન્ચને સોંપી દેવાઈ છે ફરાર આરોપીઓ સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરી છે તો ડાયરેક્ટર કાર્તિક પટેલ હાલ ઓસ્ટ્રેલિયામાં મોજ કરે છે તો અન્ય ૪ આરોપીઓને પોલીસ હજુ સુધી નથી પકડી શકી. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ સાહેબ અને તેમનો સ્ટાફ અત્યાર સુધી પાંચમાથી એક જ આરોપીને ઝડપી શકી છે તો ૪ આરોપીઓ હજી પણ ફરાર છે. પોલીસ કમિશ્નરના જણાવ્યા મુજબ આરોપી ગુજરાતમાંથી ભાગી ગયા હોવાની આશંકા તેઓને લાગી રહી છે. જેને લઈ હાલ પોલીસ અને ક્રાઈમબ્રાન્ચ દ્વારા કામગીરીને વધારે કડક બનાવી દેવાઈ છે. ક્રાઈમબ્રાન્ચની અલગ અલગ ટીમે ફરાર આરોપીઓને ઝડપવા તપાસ શરૂ કરી છે. આરોપી ગુજરાત બહાર ભાગી ગયા હોવાની આશંકા છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. ખ્યાતિ હોસ્પિટલના ડાયરેકટર કાર્તિક પટેલ ઓસ્ટ્રેલિયા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં મોટો ખુલાસો થયો છે. વિગતો મુજબ આરોપી ડૉ.પ્રશાંત વજીરાણીએ ૪ વર્ષમાં ૭ હજાર સર્જરી કરી હોવાનો ખુલાસો થયો છે. આરોપીએ ૪૨ દિવસમાં ૨૨૧ એન્ડિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. જેમાં ઓક્ટોબર મહિનામાં ૧૬૬ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી તો નવેમ્બર મહિનામાં ૫૫ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. આયુષ્યમાન યોજનાનો લાભ લેવા તમામ ફાઈલ મોકલાવામાં આવી હતી. કડી તાલુકાના બોરીસણામાં મેડીકલ ચેકઅપ કેમ્પ યોજીને એસ જી હાઈવે પર આવેલી ખ્યાતી હોસ્પિટલના તબીબોએ ૧૯ દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર અપાવવાનું કહીને ૧૭ દર્દીઓને એન્જિયોગ્રાફી અને બે દર્દીઓને સ્ટેન્ટ મુકવાના ઓપરેશન કર્યા હતા. જેમાં ૨ દર્દીઓના મૃત્યુ થતાં સમગ્ર હોબાળો થયો હતો. હવે ખ્યાતિ હોસ્પિટલમાં મૃત્યુનો આંકડો વધ્યો છે. કડીના ૨ નહીં પણ કુલ ૫ લોકોના મૃત્યુ થયાનું ખુલ્યું છે.











...inted at Shree ...
...lished from D-2...
...Editor - BHARGA...